અપીલ અરજી નં.૩૮૯ તા.૧–૨–૧૦

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૫,૧૬ વાળી જગ્યા પર હંસ હોસ્પિટલ વાળો બાંધકામ ગેરકાયદેસર બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૮૯/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૫,૧૬ વાળી જગ્યા પર હંસ હોસ્પિટલ વાળો બાંધકામ ગેરકાયદેસર બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૧ તા.૯–૨–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૫,૧૬ વાળી જગ્યા પર હંસ હોસ્પિટલ વાળો બાંધકામ ગેરકાયદેસર બાબતે મુદ્દા નં.૧. સદર નંબરવાળા પ્લોટ ઉપર ગેરકાયદેસર બાંધકામ બાબતે ડીમોલીશન કરવામાં આવેલ તે બાંધકામ પાછુ બંધાયેલ છે તે કાયદેસર થયું છે. મુદ્દા નં.૨ સદર બાંધકામમાં ભોંયતળીયે દવાની દુકાન બનાવેલ છે જેને શટલ મેનગેટ સીઓપીમાં કાઢેલ છે તે કાયદેસર છે. મુદ્દા નં.૩ સદર હોસ્પિટલવાળાએ સીઓપીમાં દિવાલો બનાવેલ છે તે કાયદેસર છે. મુદ્દા નં.૪ સદર બાંધકામવાળાએ સીઓપીમાં પાકું કંમ્પાઉન્ડ બનાવેલ છે તે ગેરકાયદેસર હોય તેને કેમ તોડવામાં આવતું નથી. મુદ્દા નં.૫ સદર સોસાયટીની સીઓપીની જગ્યા મહાનગરપાલિકા કબ્જો કેમ લેતી નથી. મુદ્દા નં.૬ સદર સીઓપીની જગ્યા બાગ માટે અનામત રાખેલ છે. જેમાં બાગ કેમ બનાવતા નથી તમામ માહિતી સ્થળ ઉપર જઈ તપાસ કરી પૂરી પાડવી. તેવી માહિતીની માંગણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ ,